ગાંધીનગર સમાચાર

**શહેરમાં અસહ્ય બફારાથી નગરજનો હેરાન પરેશાન**

# ગાંધીનગરની મૈત્રી ફ્રીઝ-બી રમતમાં ટીમ ઈન્ડીયાની ''બેસ્ટ પ્લેયર''

**માત્ર બે વર્ષમાં ટીમ ઈન્ડીયાનો હિસ્સો બની લંડન ખાતે વર્લ્ડ ચેમ્પિયનશીપ રમી આવી : તાજેતરમાં બેંગ્લોર ખાતે રમાયેલ આંતરરાષ્ટ્રીય ટૂર્નામેન્ટ જીતતા સાઈના નહેવાલના હસ્તે ગોલ્ડમેડલ મેળવ્યો : રમતનું ઘેલુ એટલુ લાગ્યું છે કે ધો. ૧૨ પછીનો અભ્યાસ છોડી બાળકોને મફત કોચીંગ આપવાનું ચાલુ કરી દીધુ**

ગાંધીનગર, તા. ૨૯

ભારતીય હોકીના જાદુગર મેજર ધ્યાનચંદના જન્મદિન ૨૯ ઓગષ્ટને દેશમાં ''સ્પોટ્ર્સ દિવસ'' તરીકે ઉજવવામાં આવે છે. ગાંધીનગરમાં વિવિધ રમતોમાં પોતાની પ્રતિભાનું પ્રદર્શન કરી નગરનું નામ રોશન કરતા અનેક ખેલાડીઓ વસે છે. જેમાં કેટલાક ખેલાડીઓ એવા પણ છે કે જેમની રમત વિશે હજુ નગરજનો અજાણ છે. નગરના છેવાડે આવેલ જીઈબી કોલોનીમાં રહેતી મૈત્રી કમલેશભાઈ આચાર્ય આવી જ એક ઓછી જાણીતી રમત ''ફ્રીઝબી''માં આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભારતની નામના વધારી બેસ્ટ પ્લેયર્સમાં સ્થાન મેળવી ચૂકી છે.

દેશભરના વિવિધ શહેરોમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ કરતી મૈત્રી આચાર્યને ભારતની બેડમિન્ટન સ્ટાર સાઈના નહેવાલના હસ્તે સુવર્ણચંદ્રક પ્રાપ્ત થયેલ છે. આશ્ચર્યની વાત તો એ છે કે મૈત્રી આચાર્યને ફ્રીઝ બી રમત વિશે હજુ તો વર્ષ ૨૦૧૩માં તેની મિત્ર નિમિષા જે આ રમતની ખેલાડી હતી તેના દ્વારા જાણકારી મળી. બસ ઉત્સુકતા વશ રસ પડતા તેણે પણ આ રમત રમવાનું ચાલુ કર્યું અને આટલા ટૂંકા ગાળામાં તો તે રાષ્ટ્રીય કક્ષાએ અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ ચૂકી અને આંતરરાષ્ટ્રીયકક્ષાએ ''વર્લ્ડ ચેમ્પિયનશીપ'' ટૂર્નામેન્ટ પણ રમી આવી છે. આ સ્પર્ધામાં ''ટીમ ઈન્ડીયા''એ સ્પીરીટ એવોર્ડ પણ પ્રાપ્ત કર્યો હતો.

''ફ્રીઝબી''ની રમત એક આંતરરાષ્ટ્રીય રમત છે. જેમાં ડિસ્ક લઈને ફુટબોલ અને રગ્બીની જેમ રમવાનું હોય છે. નોંધપાત્ર બાબત તો એ છે કે આ રમતમાં પુરૂષો અને મહિલાઓ જેવા ભેદભાવ હોતા નથી પરંતુ બધા સાથે એક જ ટીમમાં રમતા હોય છે. વળી, આ રમતમાં કોઈ એમ્પાયર પણ નથી હોતા. શારિરિક સજ્જતાની સાથે સાથે આ રમતથી ખેલાડીમાં લીડરશીપના ગુણો ખીલે છે. મૈત્રી આ બાબતોના કારણે આ રમત પ્રત્યે આકર્ષાઈ અને તેની મિત્ર નિમિષા સાથે તેણે અમદાવાદ પ્રેકટીશમાં જવાનું ચાલુ કરી દીધુ. દરરોજ ગાંધીનગરથી અમદાવાદ જવાનું પછી ભલે વરસાદ હોય કે ટાઢ-તડકો હોય. ગાંઠનું ગોપીચંદ કરીને પણ તેણે પ્રેકટીસ ચાલુ રાખી. પ્રેકટીશમાં નવા નવા ખેલાડીઓને મળવાનું થતુ જેમાં બધા અંગ્રેજીનો છૂટથી ઉપયોગ કરતા ત્યારે મૈત્રીને અંગ્રેજી બોલવામાં પણ સંકોચ થતો. જોકે અમદાવાદની એસજીવીપી શાળા વતી રાષ્ટ્રીય કક્ષાએ ટૂર્નામેન્ટ રમી તેનો આત્મવિશ્વાસ બુલંદ થયો અને પછી તો મુંબઈ, ચેન્નઈ, સુરત, બેંગ્લોર, હૈદરાબાદ, દિલ્હી જેવા અનેક શહેરોમાં રમવા જવા લાગી. નવી દુનિયા, નવા લોકો અને નવી ટીમો સાથે રમીને તેની







● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લામાં સ્વચ્છતા અભિયાનમાં ૪૧૯ લાખ વણવપરાયેલા

ગાંધીનગર, તા. ૨૯

રાષ્ટ્રપિતાના નામ સાથે જોડાયેલ ગાંધીનગર જિલ્લામાં જ ૨૦૧૪-૧૫ના વર્ષમાં સફાઈ માટે ફાળવવામાં આવેલ નાણાંપૈકીના ૫૦ટકા નાણાંનો ખર્ચ જ થઈ શક્યો નથી.

રાજ્ય સરકાર દ્વારા સ્વચ્છતા અભિયાન અંતર્ગત ગાંધીનગર જિલ્લાને રૂ. ૮૫૩.૯૫ લાખની ફાળવણી કરી હતી. આ પૈકી તંત્ર દ્વારા માત્ર ને માત્ર રૂ. ૪૩૪.૫૧ લાખનો ખર્ચ થઈ શક્યો છે જ્યારે રૂ. ૪૧૯.૪૪ લાખ વણવપરાયેલા રહેવા પામ્યા છે.

જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને લઈ આયોજનો કાગળ પર ભવ્ય કરાયા હતા તેમજ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારને નિર્મળ બનાવાવનું પણ લક્ષ્ય રાખવામાં આવ્યાની વાતો તંત્રએ કરી હતી.

ગાંધીનગર શહેરમાં સફાઈના મુદ્દે લેવાતી ઉદાસીનતા બાદ હવે ગ્રામ્ય વિસ્તારમાં પણ ઉદાસીનતા સેવવામાં આવી રહી છે તે હકીકત વાસ્તવિક બનીને ઉભરી છે.

જિલ્લામાં સ્વચ્છતા અભિયાન અંતર્ગત બેંકોમાં ખાતા ખોલવા, પંચાયતને સાધનો આપવા, સફાઈ વેરો ઘરદીઠ દૈનિક એક રૂ. સેવા સહિતના મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત સ્વચ્છતા મિશનના અસરકારક અમલીકરણ માટે લાયઝન અધિકારીઓની પણ નિયુક્તી કરવામાં આવી હતી.

જિલ્લામાં સ્વચ્છતા મિશનની કામગીરી ગોકળગતિએ ચાલી રહી છે તે હકીકતો સરકારે જ કહી છે.

તાજેતરમાં સ્વચ્છતાના મુદ્દે ગાંધીનગર શહેર દેશમાં ૩૧૦મા ક્રમે આવ્યુ હતુ હવે જિલ્લાનો ક્રમ તો આથી પણ નીચે જ હશે તે બાબત સ્પષ્ટ થઈ ચુકી છે.

ગાંધીનગર જિલ્લામાં સફાઈના મુદ્દે જે ઉદાસીન વલણ જોવા મળી રહ્યું છે તેનાથી સરકાર પણ નિરાશ થઈ છે. નવા રચાયેલા જિલ્લાઓમાં ગાંધીનગર કરતાં સારી કામગીરી થઈ છે. સરકાર સાથે સંકળાયેલા સૂત્રોના જણાવ્યા મુજબ ખર્ચમાં જિલ્લાએ જે ઓછો ખર્ચ કર્યો છે તેને લઈ પૃચ્છાઓ પણ અધિકારીઓની કરવામાં આવી છે. ૫૦ ટકા ઓછી રકમ ખર્ચવામાં ગાંધીનગર જિલ્લો તળિયે જણાઈ રહ્યો છે જે ચિંતાજનક હોવાનું પણ આ સૂત્રોએ જણાવ્યું છે.

જ્યાંથી આયોજનો થાય છે ત્યાં જ અમલીકરણમાં ઉદાસીનતા એ દીવા તળે અંધારાની સ્થિતિ દર્શાવે છે.

**૫૦ ટકા ખર્ચ જ થયો : આયોજનો અને જાહેરાતો માત્ર કાગળ પર રહી : તંત્રની નબળી કામગીરીથી સરકાર પણ ગુસ્સામાં !!**

# સે- ૩૦માં જી-વન કક્ષાના ખાલીખમ આવાસો ખંડેર







(તસવીર : કશ્યપ નિમાવત)

ગાંધીનગર તા ૨૮

શહેરમાં મોટાભાગના સરકારી મકાનો જોખમી હાલતમાં છે. નિકાલ હેઠળના મકાનો તોડવાનુ કામ ચાલી રહયુ છે. જયારે સેકટરોમાં આ સિવાયનાં મકાનો પણ ખંડેર હાલતમાં છે. સે-૩૦માં જી વન કક્ષાના મકાનો ખાલીખમ હાલતમાં ઘણાં સમયથી કંગાળ ભાસી રહયા છે. જેના પરિણામે આસપાસના ખાનગી રહેણાંક વિસ્તારમાં પણ રહીશોમાં આક્રોશ પ્રવર્તયો છે. ખંડેર મકાનોમાં દુષણો પાંગરતા હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી છે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો ભયજનક હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે. જયારે નિકાલ હેઠળના મકાનોનો પણ માંડ નિવેડો આવ્યો છે. દાયકાના અંતે ભયજનક મકાનો તોડવાનુ કામ હાથ ધરવામાં આવ્યુ છે. પરંતુ શહેરમાં સરકારી આવાસોના મજબુતીકરણ બાદ પણ હજુ ઘણાંખરા મકાનો જોખમી તેમજ ખંડેર હાલતમાં છે. જેના પરિણામે આ આવાસોમાં અન્ય સમસ્યાઆ ઉદભવતી હોવાની પણ ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરોમાં બિસ્માર ભાસતા મકાનો સેકટરવાસીઓ માટે પણ સમસ્યારૂપ બની રહયા છે.અગાઉ નિકાલ હેઠળના મકાનો ભયજનક હોવાની સાથે તેમાં બિનઅધિકૃત વસવાટ હોવાની ફરિયાદો પણ ઉઠવા પામી હતી. જયારે હાલ પણઁ સેકટરોમાં ઘણાં ખરા ખાલી સરકારી આવાસોમાં દુષણો પાંગરી રહયા હોવાનુ મનાઈ રહયુ છે. સે-૩૦માં સ્થિત જી વન કક્ષાના આવાસો પણ લાંબા સમયથી ખાલી હાલતમાં છે. કેટલાક મકાનોની બહારથી અધિકારીઓના નામની તક્તિ પણ યથાવત છે. લાંબા સમયથી ખંડેર ભાસતા આ આવાસોનો રહેણાંકની દ્રષ્ટીએ કોઈ યોગ્ય ઉકેલ આવે તેવી પણ માંગ ઉઠવા પામી છે.

**સેકટરોમાં નિકાલ હેઠળના મકાનો સિવાયના આવાસો પણ બિસ્માર શહેરમાં અનેક ભયજનક મકાનનો નિકાલ તાકીદે જરૂરી**

જોઈએ છે

કોરલમાં નિપુણ અને મન-હૃદયથી ક્રિએટીવ, હંમેશા ઉત્સાહી અને સ્માઈલીંગ પર્સનાલિટી ધરાવતા આર્ટીસ્ટ જોઈએ છે.

કંઈક નવું કરવાની તમન્ના અને બાયોડેટા સાથે આજે જ મળો.

We design your desire...

PARAM CREATIONS

504, 5th Floor, Shalin Complex, Sector-11, Gandhinagar. Phone : 99790 12234

# સેક્ટર-૧૬ રંગમંચના ભાડાના અવ્યવહારૂ નિર્ણય સામે ભારે કચવાટ

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાને સોંપાયેલા સેક્ટર-૧૬ના રંગમંચનું ભાડુ અતાર્કિક રીતે ખુબજ ઉચુ દસ હજાર જેટલુ નક્કી કરાતા ભારે રોષ પ્રવર્તી રહ્યો છે. શહેરમાં આવેલા અન્ય રંગમંચ અને ટાઉનહોલના ભાડા કરતા આ રંગમંચનું ભાડુ ખુબ વધારે હોઈ કલા-રસિકો અને કલાસંસ્થાઓમાં ખુબ કચવાટ જોવા મળી રહ્યો છે.

શહેરમાં આવેલા વિવિધ રંગમંચોની હાલત સુધારવા માટે આ તેને મનપાને સોંપવામાં આવ્યા હતા. છેલ્લા ઘણા વર્ષોથી ખંડેર હાલતમાં પડેલા સેક્ટર-૧૬ના રંગમંચને ગાંધીનગર મહાનગરપાલિકાને સોંપવામાં આવ્યો હતો. મનપાએ આ રંગમંચનુ રીનોવેશન કરી અને કેટલીક સુવિધાઓ ઉભી કરી તેને ભાડે આપવાનો નિર્ણય લેવાયો હતો. મહાનગરપાલિકાની ગઈકાલે મળેલી સ્થાયી સમિતિની બેઠકમાં આ રંગમંચનું ભાડુ ૧૦હજાર નક્કી કરવામાં આવ્યું છે. ભાડા બાબતે બેઠકમાં પણ વાદવિવાદ થયો હતો. આ રંગમંચનું ભાડુ અન્ય રંગમંચો અને હોલ કરતાં ખુબ ઉંચુ હોવાથી વસાહતીઓમાં કચવાટ જોવા મળી રહ્યો છે. ભાડુ નક્કી કરતા પહેલા અન્ય હોલ અને રંગમંચના ભાડાઓ સાથે સરખામણી કરવાની દરકાર પણ મનપાએ નહી લીધી હોય તેમ દેખાય છે.

સેક્ટર-૧૬ના રંગમંચથી માંડ એકાદ કિલોમીટર વિસ્તારમાં આવેલા ટાઉનહોલમાં એ.સી. હોલ, બેઠક વ્યવસ્થા, લાઈટીંગ, ઈકો સાઉન્ડ જેવી અનેક સુવિધાઓ છે જેનું મહત્તમ ભાડુ છ હજાર રૂપિયા છે. આંબેડકર હોલ, સ્ટાફ ટ્રેનિંગ કોલેજ હોલનું ભાડુ પણ ત્રણ-ચાર હજારથી વધુ નથી. જ્યારે રંગમંચો તો સાવ બસો-ત્રણસો રૂપિયાના ટોકનભાડે વપરાશ માટે આપવામાં આવે છે. ત્યારે મનપા આ રંગમંચનું ભાડુ કયા કારણસર આટલુ ઉંચુ રાખવામાં આવ્યુ તે સમજાતુ નથી.

સેક્ટર-૧૬માં જ આવેલા ઓપનએર થિયેટર ઉંચા ભાડા અને અન્ય કારણોસર જ છેલ્લા ત્રણ-ચાર વર્ષથી વપરાશ વિનાનો પડ્યો છે. અહિંયા એક પણ કાર્યક્રમ યોજાતા નથી. જો સેક્ટર-૧૬ના રંગમંચનું ભાડુ ઓછુ નહી કરાય તો તેની હાલત પણ ઓપન એર થિયેટર જેવી થઈ જશે તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

**ટાઉનહોલનું મહત્તમ ભાડુ છ હજાર અને રંગમંચનું દસ હજાર નિયત કરાતાં કલાપ્રેમીઓમાં આક્રોશ : બેઠક વ્યવસ્થા, લાઈટ-સાઉન્ડની સુવિધા સાથેના ટાઉનહોલ કરતાં દોઢુ ભાડાનો અતાર્કિક અને અધકચરો છે**

# શહેરમાં અસહ્ય બફારાથી નગરજનો હેરાન પરેશાન

ગાંધીનગર તા. ૨૯

શહેરમાં અસહ્ય બફારાથી નગરજનો ત્રાહીમામ પોકારી ઉઠયા હતા. રક્ષાબંધન નો તહેવાર હોવા છતા નગરજનો ઘરમાં પુરાઈ રહ્યા હતા. ચોમાસાની સિઝન હોવા છતા વરસાદે લાબો વિરામ લેતા નગરમાં ગરમીનો પારો ઉચકાયો હતો . હવામાનમાં અતિશય ભેજ અને ગરમીને કારણે નગરના દર્દીઓની હાલત કફોડી બની હતી. દિવસ દરમિયાન લોકોને પંખા અને એસી ફરજીયાત ચાલુ રાખવાની નોબત ઉભી થઈ હતી. નગરનું મહતમ તાપમાન ૩૪.૮ જયારે લઘુતમ ૨૬.૫ નોધાયું હતું. જેને પરિણામે શહેરીજનોને ગરમીનો અહેસાસ થયો હતો.

નગરમાં છેલ્લા કેટલાક દિવસોથી વાદળછાયા વાતાવરણ વચ્ચે પણ ગરમીનો પારો દિન પ્રતિદીન ઉંચકાતો જાય છે. કાળા ડિબાંગ વાદળો આકાશમાં ગોરંભાય છે. પરંતુ વરસતા નથી. વરસાદના વિરામ ને એક મહિના જેટલો સમય થઈ ગયો છે. પરિણામે હવામાનમાં ભેજનું પ્રણામ વધતા બફારો થાય છે. બફારાને કારણે નગરજનો ત્રાહીમામ પોંકારી ઉંઠ્યા હતા. દિવસ દરમિયાન લોકો પસીને થી રેબઝેવ થઈ ગયા હતા. રક્ષાબંધન પર્વ ને લઈ નગરના માર્ગો પર માનવ મહેરામણ જોવા મળતો હતો. અતિશય ગરમીને કારણે લોકો પસીનો લુછતા નજરે પડયા હતા. જયારે નાગરિકો એ સવારના સમયે તહેવાર હોવાથી મંદિર જઈ પુજા કરી ઘરમાં બેસી રહેવાનું મુનાસિબ માન્યું હતું. શહેરનું મહતમ તાપમાન ૩૪.૮ અને લઘુતમ ૨૬.૫ નોંધાયુ હતું.હવામાનમાં સવારે ભેજનું પ્રમાણ ૭૭ ટકા અને સાંજે ૫૬ ટકા નોંધાતા લોકોને ગરમી સહન કરવાનો વારો આવ્યો હતો. બફારા અને ગરમીને કારણે નગરજનો પંખાને એસી ચાલુ કરી ઘરમાં પુરાઈ રહ્યા હતા. પોતાના ભાઈને રાખડી બાંધવા બહારગામથી આવેલી બહેનો પણ બફારાને કારણે કંટાળી ગઈ હતી . જયારે દર્દીઓની હાલત કફોડી બની હતી.દિવસ દરમિયાન ગરમીના કંટાળેલા શહેરીજનો સાંજ ઢળતાં ઘરની બહાર નીકળીને શીતળ હવાનો આનંદ લતા નજરે પડ્યા હતા. બફારાથી કંટાળેલા નગરજનો વરસાદ વરસે તે માટે ભગવાનને પ્રાર્થના કરે છે. આટલી ગરમી સહન ન કરી શકતા નગરજનો આગામી આવી રહેલા ભાદરવા મહિનાની ગરમીને લઈ પણ ચિંતિત બન્યા છે.

**બફારા અને ગરમીને કારણે નગરજનો પંખાને એસી ચાલુ કરી ઘરમાં પુરાઈ રહ્યા હતા**







SANGHI CEMENT · KisaN · ashirvad · VINAYAK 500 TMT BARS - ISI · BENELAVE BATH FITTINGS · DR. FIXIT FOR HEALTHY CONSTRUCTION · TATA STEEL • PIPES • SHEETS

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com